# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer


તા. 26/5/2021/7243

**શ્રી વિજયભાઈ રૂપાણી**
**માનનીય મુખ્યમંત્રીશ્રી**
**ગુજરાત રાજ્ય**
**ગાંધીનગર**

**વિષય: COVID-19 ના દર્દીઓ માટે ઓક્સિજનની માગમાં ઘટાડો થયેલ હોવાથી ઇન્ડસ્ટ્રીને ઓક્સિજન આપવાની મંજૂરી આપવા અંગે**

માનનીય મુખ્યમંત્રીશ્રી,

આપની કુશળતા ઇચ્છુ છું.

ગુજરાત સરકારના અથાગ પ્રયત્નોના પરિણામે કોરોના સંક્રમણમાં પ્રતિદિન ઘટાડો નોંધાઈ રહ્યો છે જે ખુબજ આવકાર્ય છે.

સાહેબશ્રી, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પરિપત્રના અનુસંધાને ઉદ્યોગકારોએ એમના એકમો બંધ રાખી ને તાત્કાલિક ધોરણે ઓક્સિજન સપ્લાય મેડિકલ વપરાશ માટે આપેલ છે. ઉદ્યોગોને ઓક્સિજન આપવા પર ઉપરોક્ત પ્રતિબંધને કારણે પરવાનગી હોવા છતાં ઘણા ઉદ્યોગોને બંધ રહેવું પડેલ છે કારણ કે તેમની ઉત્પાદન પ્રક્રિયામાં ઓક્સિજન ખુબજ મહત્વનું ભાગ ભજવે છે. આને કારણે તેમને ખુબ મોટું આર્થિક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. વધુમાં આ પ્રતિબંધને કારણે દૈનિક પગાર ધોરણને કામ કરતા મજૂરો અને કામદારોને ખુબ મુશ્કેલીઓ પડી રહી છે અને તેઓ રાજ્ય છોડી જવા લાગ્યા છે.

સાહેબશ્રી ,હવે જયારે કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે ત્યારે ઓક્સિજન ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમોને અન્ય ઉદ્યોગોને ઓક્સિજન આપવા પર પ્રતિબંધ દૂર કરવાની તાતી જરૂરિયાત છે.

અમારી આપને વિનંતી છે કે આ પ્રતિબંધ સંપૂર્ણપણે તાત્કાલિક દૂર કરવામાં આવે અથવા હાલ પૂરતું ઉદ્યોગોને 70% અને મેડિકલ વપરાશ માટે 30% ની છૂટ આપવામાં આવે તો ઉદ્યોગો અને ખાસ કરીને MSME એકમો ઉપરનું આર્થિક ભારણ ઓછું થશે .મેડિકલ વપરાશ માટે ઓક્સિજનની વધુ જરૂરિયાત જણાશે ત્યારે 100% સપ્લાય પૂરો પાડવા સર્વે ઉદ્યોગકારો કટિબદ્ધ છે. આ અંગે આપશ્રી સાથે રૂબરૂ ચર્ચા કરવા માટે આપનો અનુકૂળ તારીખ અને સમય આપવા અમારી નમ્ર વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**નકલ રવાના : શ્રી એમ.કે.દાસ, IAS ,અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ,ગુજરાત સરકાર**


Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org